FAX:23222707 PHONE:(079) 23221037 23221038 E-mail : dymgrpers228@gmail.com

# ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ.

(ગુજરાત સરકારનું સાહસ)

CIN : U65910GJ1980SGC003957 WWW.GSCSCL.GUJARAT.GOV.IN

:: રજીસ્ટર્ડ ઓફિસ ::

**સેકટર–૧૦/એ, ચ–રોડ, નવા સચિવાલય પાસે, ગાંધીનગર–૩૮૨૦૧૦**

ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ., ગાંધીનગર ધ્વારા વર્ગ–૩ ની **ડેપો મેનેજર** ની જાહેરાત ક્રમાંક.GSCSCL/201819/4 થી કુલ–૧૧ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે તા.૨૯/૫/૨૦૧૯ ના રોજ વિવિધ વર્તમાનપત્રોમાં જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. સદર જાહેરાત સંદર્ભે તા.૨૧/૦૭/૨૦૧૯ ના રોજ સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવેલ હતી. આ પરીક્ષાની ફાઈનલ આન્સર કી ના આધારે નીચે જણાવેલ પરીક્ષા બેઠક નંબર મુજબના ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે તા.૧૬/૯/૨૦૧૯ ના રોજ નીચે દર્શાવેલ સ્થળ તથા સમય પત્રક મુજબ હાજર રહેવા જણાવવામાં આવે છે. આ બાબતે ઉમેદવારોને ટપાલ તથા ઈ–મેઈલથી પણ જાણ કરવામાં આવેલ છે.

**તારીખ. ૧૬/૦૯/૨૦૧૯ (સોમવાર) સમય–૧૧–૦૦ કલાક.**
**સ્થળ : ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ.,**
**સેકટર–૧૦/એ,ચ–રોડ, નવા સચિવાલય પાસે, ગાંધીનગર.**

**પરીક્ષા બેઠક ક્રમાંક :**

| ડેપો મેનેજર, તા.૧૬/૦૯/૨૦૧૯ સમય :૧૧–૦૦ કલાકે. | | | | | |
|---|---|---|---|---|---|
| 4000048 | 4000236 | 4000500 | 4000689 | 4000816 | 4000991 |
| 4000081 | 4000308 | 4000516 | 4000733 | 4000824 | 4001009 |
| 4000082 | 4000328 | 4000523 | 4000741 | 4000847 | 4001011 |
| 4000133 | 4000421 | 4000648 | 4000757 | 4000949 | 4001035 |
| 4000156 | 4000481 | 4000655 | 4000801 | 4000967 | |
| 4000168 | 4000487 | 4000683 | 4000802 | 4000980 | |

ઉમેદવારને આ સાથે સામેલ **પરિશિષ્ટ–૧** મુજબના અને અત્રેની જાહેરાત વખતે વેબસાઈટ ઉપર નિગમ ધ્વારા પ્રસિધ્ધ કરાયેલ માહિતી પુસ્તિકા મુજબના અસલ દસ્તાવેજી પ્રમાણપત્રો તથા તેની બે સ્વપ્રમાણિત નકલો (ઝેરોક્ષ નકલો) સાથે જણાવેલ તારીખ, સ્થળ તથા સમયે રૂબરૂમાં હાજર રહેવા આથી જણાવવામાં આવે છે.

**ઈ.ચા.મેનેજર(પર્સોનલ)**

:: પરિશિષ્ટ–૧ ::

:: " **પ્રમાણપત્રો/દસ્તાવેજો રજુ કરવા માટેનું અરજી ફોમ"** ::

**પ્રતિ,**

**મેનેજરશ્રી (પર્સોનલ),**

**ગુ.રા.ના.પુ.નિગમ લિ.,**

**સેકટર–૧૦/એ, ગાંધીનગર.**

અરજીમાં દર્શાવેલો ફોટો અહીં ચોંટાડવો.

**સંવર્ગ :** **ડેપો મેનેજર**

**પરીક્ષા ક્રમાંક :** . ..................................................

**ઉમેદવારનું નામ :** ..........................................................................................................

**મોબાઈલ નંબરઃ** ........................................**ઈ–મેઈલ :** ...............................................

**સરનામુ :** ....................................................................................................................

.....................................................................................................................................

**જાતિ : પુરૂષ** ☐ **સ્ત્રી** ☐

**કેટેગરી :– જનરલ** ☐ **EWS** ☐ **એસ.ઈ.બી.સી.** ☐ **એસ.સી.** ☐ **એસ.ટી.** ☐

હું નીચે સહી કરનાર નીચે મુજબના અસલ પ્રમાણપત્રો તથા તેની સ્વ પ્રમાણિત બે ઝેરોક્ષ નકલો આ સાથે રજુ કરૂં છું. (નીચેની વિગતમાં જયાં ઉમેદવારને લાગુ પડતું ન હોય ત્યાં " લાગુ પડતું નથી." લખવાનું રહેશે.)

| **ક્રમ** | **વિગત** | **જરૂરી પ્રમાણપત્ર/ દસ્તાવેજની વિગત** | **રજુ કરેલ છે? હા / ના** |
|---|---|---|---|
| ૧ | ઓળખ વિધિ | ફોટા સાથેનું આઈ.ડી. પ્રુફ (ઈલેકશન કાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ, પાનકાર્ડ, આધારકાર્ડ) તથા તેની ઝેરોક્ષ નકલ.(ગમે તે એક) | |
| ૨ | જન્મ તારીખ | કકહ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય. | |
| ૩ | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિનું પ્રમાણપત્ર | માન્યતા પ્રાપ્ત પ્રમાણપત્ર. | |
| ૪ | નોનક્રિમીલીયર પ્રમાણપત્ર | સામાજીક અને શૈક્ષણિક પછાત જાતિના ઉમેદવાર તા.૧.૪.૧૬ થી અરજી કર્યાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ થયેલ નોન– ક્રિમીલીયર પ્રમાણપત્ર પરિશિષ્ટ નમુના "ક" મુજબ ગુજરાતીમાં આવતું પ્રમાણપત્ર બીડવું.(અંગ્રેજીનું એનેક્ષ્ચર–"બ" માન્ય નથી. | |
| ૫ | અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ અંગેનું પ્રમાણપત્ર | માન્યતા પ્રાપ્ત પ્રમાણપત્ર. | |
| ૬ | આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૧/૦૨/૨૦૧૯ ના ઠરાવથી નિયત થયેલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર તા.૧/૪/૨૦૧૯ થી અરજી સ્વિકારવાની છેલ્લી તારીખ સુધીમાં મેળવેલુ હોવું જોઈએ. | |
| ૭ | માજી સૈનિકનું પ્રમાણપત્ર | માન્યતા પ્રાપ્ત પ્રમાણપત્ર તથા ડીસ્ચાર્જ બુકની નકલ. | |
| ૮ | શારિરીક ખોડખાપણ અંગેનું પ્રમાણપત્ર | માન્યતા પ્રાપ્ત પ્રમાણપત્ર. | |
| ૯ | વિધવા મહિલા ઉમેદવાર | (૧) પતિનો મરણનો દાખલો.<br>(૨) પુનઃ લગ્ન કર્યા નથી તેવી એફીડેવીટ | |

| ક્રમ | વિગત | જરૂરી પ્રમાણપત્ર/ દસ્તાવેજની વિગત | રજુ કરેલ છે? હા / ના |
|---|---|---|---|
| ૧૦ | રમતગમત અંગેનું પ્રમાણપત્ર | સરકારી ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/ ૧૧૮૮/ ૩૬૪૪–ગ–૨, તા.૨૫/૨/૮૦ માં નિયત કર્યા મુજબના સત્તાસક્ષમ અધિકારીશ્રી પાસેથી નિયત નમુનામાં મેળવેલ પ્રમાણપત્ર. | |
| ૧૧ | સરકારી નોકરી કરતાં ઉમેદવારો માટે | સરકારી કર્મચારીના કિસ્સામાં રૂબરૂ મુલાકાતના સમયે સક્ષમ અધિકારી ધ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ 'ના–વાંધા પ્રમાણપત્ર' ની નકલ અચુક રજુ કરવાની રહેશે. અન્યથા રૂબરૂ મુલાકાતમાં પ્રવેશ મળશે નહિ. (સામાન્ય વહીવટ વિભાગના તા.૮.૧૧.૮૯ ના પરિપત્રથી નિયત થયેલ નમુના મુજબ) | |
| ૧૨ | જો ઉમેદવારે નામ/અટકમાં ફેરફાર કરાવેલ હોય તો | ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ નામ/અટકમાં ફેરફાર સાથેની નકલ. | |
| ૧૩ | શૈક્ષણિક લાયકાત અંગેના પ્રમાણપત્ર | તમામ સંવર્ગના ઉમેદવારો માટે ધોરણ–૧૨ (HSC) પાસનું પ્રમાણપત્ર. | |
| | | માન્ય યુનિવર્સીટીની વિજ્ઞાન/ વાણીજય/ કૃષિ વિદ્યા શાખાની બીજા વર્ગની અનુસ્નાતક પદવી.<br>**<u>અથવા</u>**<br>AICTE માન્યતા પ્રાપ્ત સંસ્થાની MBA Finance/ Marketing/ Logistic ની ઓછામાં ઓછા ૫૦% ગુણ સાથેની પદવીના પુરાવા રૂપે ગુણપત્રક તથા પદવી પ્રમાણપત્ર. | |
| ૧૪ | અનુભવ | ➢ અનુસ્તાતક/એમ.બી.એ. ની ઉપાધી મેળવ્યા બાદનો લોજીસ્ટીક, કર્વાલીટી કંટ્રોલ, ફુડ સ્ટોરેજ વિગેરે કામગીરી સાથે સંકળાયેલ સરકારી/ અર્ધ સરકારી/જાહેર સંસ્થાઓ/ ખાનગી સંસ્થાનો ઓછામાં ઓછો ત્રણ વર્ષનો પૂર્ણ સમયનો અનુભવ.<br>**<u>અથવા</u>**<br>➢ જરૂરીયાત મુજબની લાયકાત (અનુસ્નાતક/એમ.બી.એ.) મેળવ્યા બાદનો સુપરવાઈઝર કેડરનો સરકારી/ અર્ધ સરકારી/જાહેર સંસ્થાઓ/ ખાનગી સંસ્થાનો ઓછામાં ઓછો ત્રણ વર્ષનો પૂર્ણ સમયનો અનુભવ.<br>➢ ત્રણ વર્ષના અનુભવમાં એક સંસ્થામાં એક વર્ષ થી ઓછો અનુભવ ન હોવો જોઈએ. અનુભવના કિસ્સામાં ઠરાવેલ શૈક્ષણિક લાયકાત પૂર્ણ કર્યા પછીનો અનુભવ ધ્યાને લેવામાં આવશે, તે પહેલાના અનુભવનોગાળો ધ્યાને લેવામાં આવશે નહિ, તેમજ શૈક્ષણિક લાયકાત પછીના કિસ્સામાં સરકારશ્રીમાં ૧૧–માસના કરાર આધારીત ધોરણે ફરજ બજાવેલી હશે તે અનુભવ ધ્યાને લેવામાં આવશે. | |
| | | સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ અનુભવના પ્રમાણપત્રની નકલ (જેમાં સંસ્થાના લેટરપેડ ઉપર (૧) ધારણ કરેલ જગ્યા (૨) અનુભવનો સમયગાળો (૩) અનુભવનો પ્રકાર (૪) મેળવવામાં આવતાં પગાર અને ભથ્થાઓની વિગત દર્શાવેલ હોય) જેટલી સંસ્થામાંથી અનુભવ મેળવેલ હોય તે તમામ સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલ નિમણુંકપત્રની નકલ, પહેલી તથા છેલ્લા પગાર સ્લીપની નકલ. | |

| ક્રમ | વિગત | જરૂરી પ્રમાણપત્ર/ દસ્તાવેજની વિગત | રજુ કરેલ છે? હા / ના |
|---|---|---|---|
| ૧૫ | અગ્રીમતા માટેની વિશેષ લાયકાત | સરકાર માન્ય સંસ્થા પાસેથી મેળવેલ વધારાની શૈક્ષણિક લાયકાત :<br>૧.અનાજ પ્રાપ્તિ અને વૈજ્ઞાનિક ધોરણે સંગ્રહ.<br>૨.અનાજની હેરફેર (Movemenrt)<br>૩.રેલ્વે કલેઈમ સેટલમેન્ટ.<br>૪.નુરની ગણતરી.<br>૫.મજુર કાયદા.<br>૬.અનાજની ગુણવત્તા નિયંત્રણ. (Quality Control)<br>વધારાની શૈક્ષણિક લાયકાતના પુરાવારૂપે અસલ ગુણપત્રક/પ્રમાણપત્ર તથા તેની બે સ્વપ્રમાણિત નકલો. | |
| ૧૬ | કોમ્પ્યુટર અંગેની જાણકારી | ઉમેદવાર ડીપાર્ટમેન્ટ ઓફ ઈલેકટ્રોનીક એક્રીડેશન ઓફ કોમ્પ્યુટર કોર્સીસ (DOEACC) સોસાયટીના કોર્સ ઓન કોમ્પ્યુટર કનસેપ્ટ (CCC) સમકક્ષ અથવા નિગમ/સરકાર ધ્વારા વખતોવખત નકકી થતા ધોરણો મુજબની કોમ્પ્યુટર એપ્લીકેશનની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ. | |

ઉપરોકત તમામ વિગતો મારી જાણ મુજબ સાચી છે, મારા ધ્વારા રજુ કરાયેલ તમામ પત્રમાણપત્રો/દસ્તાવેજો જો ચકાસણી દરમ્યાન બનાવટી/અયોગ્ય માલુમ પડશે તો મારી સામે ભારતીય ફોજદારી ધારા હેઠળ કાર્યવાહી થઈ શકશે તે બાબતથી હું વાકેફ છું અને આ બાબત ધ્યાનમાં રાખ્યા બાદ તમામ આધાર પુરાવા/પ્રમાણપત્રો ચોકકસાઈપૂર્વક ખાત્રી કર્યા બાદ મેં રજુ કરેલ છે.

તારીખ :– ............... ઉમેદવારની સહી :– ..............

સ્થળ :– ................. (નામ :– ...................)